રોહિત શર્માના વિક્રમી ૨૬૪ રન

૩૩ ચોગ્ગા, ૯ છગ્ગા સાથે ઝંઝાવતી રેકોર્ડ : વનડે ક્રિકેટમાં બીજી બેવડી સદી ફટકારનાર એક માત્ર ખેલાડી

કોલકાતા,તા. ૧૩

કોલકાતાના ઐતિહાસિક ઈડન ગાર્ડન મેદાન પર રોહિત શર્માએ આજે છગ્ગા ચોગ્ગાની રમઝટ બોલાવી હતી અને વનડે ક્રિકેટમાં ઘણા રેકોર્ડ પોતાના નામ ઉપર કરી લીધા હતા. રોહિત શર્માએ વનડે ક્રિકેટમાં ઈતિહાસ સર્જીને બે-બે રેકોર્ડ પોતાના નામ ઉપર કર્યા હતા. વનડે ક્રિકેટમાં સૌથી વધુ વ્યક્તિગત રનનો રેકોર્ડ પોતાના નામ ઉપર કર્યો હતો જ્યારે વનડે ક્રિકેટમાં બે બેવડી સદી ફટકારનાર પ્રથમ ખેલાડી બની ગયો હતો. આજે કોલકાતાના મેદાન ઉપર મોટી સંખ્યામાં ચાહકોની ઉપસ્થિતિમાં રોહિત શર્મા છવાઈ ગયો હતો અને શ્રીલંકાના બોલરને મેદાનની ચારેબાજુ ફટકાર્યા હતા. રોહિતે શરૂઆતથી જ આક્રમક બેટિંગ શરૂ કરી હતી. રોહિત શર્મા છેલ્લા બોલે આઉટ થયો હતો પરંતુ ત્યાં સુધી તે ઘણા રેકોર્ડ પોતાના નામ ઉપર કરી ચુક્યો હતો. રોહિત શર્માએ હજુ સુધી વનડે ક્રિકેટમાં સૌથી વધુ રનની ઈનિંગ્સ રમનાર ભારતના વિરેન્દ્ર સહેવાગના ૨૧૯ રનના રેકોર્ડ તોડી દીધો હતો. રોહિત શર્માએ ૧૭૩ બોલમાં ૩૩ ચોગ્ગા અને નવ છગ્ગા સાથે ૨૬૪ રન બનાવ્યા હતા. શ્રીલંકાની સામે તેની બેટિંગ જોઈને ચાહકો રોમાંચિત થઈ ગયા હતા. રોહિત શર્માની આ બીજી બેવડી સદી હતી. ૨૦૧૩માં રોહિત શર્માએ ઓસ્ટ્રેલિયાની સામે બેંગ્લોરમાં ૨૦૯ રન ફટકાર્યા હતા જેમાં ૧૨ ચોગ્ગા અને ૧૬ છગ્ગાનો સમાવેશ થાય છે. બંને ઈનિંગ્સમાં રોહિત શર્માએ છગ્ગા ચોગ્ગાનો વરસાદ કર્યો હતો. બે બેવડી સદી ફટકારીને રોહિત શર્મા વિશ્વનો એક માત્ર ખેલાડી બની ગયો છે. રોહિત શર્માએ ૧૫૧ બોલમાં બેવડી સદી પુરી કરી હતી. ઈન્ટરનેશનલ વનડે ક્રિકેટમાં રોહિત શર્મા ઉપરાંત ભારત તરફથી સચિન તેંડુલકર અને વિરેન્દ્ર સહેવાગ પણ વનડે ક્રિકેટમાં બેવડી સદી કરી ચુક્યા છે. વનડે ઈતિહાસમાં પ્રથમ બેવડી સદીનો રેકોર્ડ સચિન તેંડુલકરના નામ ઉપર છે. સચિને દક્ષિણ આફ્રિકા સામે ૨૪મી ફેબ્રુઆરી ૨૦૧૦ના દિવસે બેવડી સદી ફટકારી હતી. સચિને ૱૪૭ બોલમાં બેવડી સદી કરી હતી જેમાં ૨૫ ચોગ્ગાનો સમાવેશ થાય છે. સચિન બાદ વિરેન્દ્ર સહેવાગે વિન્ડિઝ સામે ૮મી ડિસેમ્બર ૨૦૧૧ના દિવસે ૨૧૯ રનની ઈનિંગ્સ રમી હતી. સહેવાગે ૨૧૯ રનની ઈનિંગ્સ માત્ર ૱૪૯ બોલમાં પુરી કરી હતી. સહેવાગે પણ પોતાની ઈનિંગ્સમાં ૨૫ ચોગ્ગા ફટકાર્યા હતા. આ ઉપરાંત સાત છગ્ગા પણ ફટકાર્યા હતા.

રોહિતની સિદ્ધિઓ...

- રોહિત શર્માએ ૨૦ વર્ષની વયે ઈન્ટરનેશનલ કેરિયર શરૂ કરી હતી
- વર્ષ ૨૦૧૩માં ભારત તરફથી ઓપનિંગ બેટ્સમેન તરીકે રમવા લાગ્યો હતો
- વનડે ક્રિકેટમાં બે વખત બેવડી સદી ફટકારનાર એક માત્ર ખેલાડી બન્યો
- વનડે ક્રિકેટમાં એક ઈનિંગ્સમાં સૌથી વધુ ૨૬૪ રન કર્યા
- ટેસ્ટ પ્રવેશે જ બે સતત સદી ફટકારી હતી
- રોહિત શર્માએ છેલ્લી વનડે પમી માર્ચ ૨૦૧૪ના દિવસે રમી હતી
- ઈજામાંથી રિકવર થયા બાદ શાનદાર વાપસી કરી
- ઈન્ડિયન પ્રિમિયર લીગમાં પણ તેના નામ ઉપર કેટલાક રેકોર્ડ છે
- ઈન્ડિયન પ્રિમિયર લીગમાં તે હેટ્રિક નોંધાવી ચુક્યો છે.
- શ્રીલંકા સામે ચોથી વનડેમાં રોહિત શર્માએ ૩૩ ચોગ્ગા અને નવ છગ્ગા ફટકાર્યા
- અગાઉ રોહિત શર્માએ બેંગ્લોરમાં ઓસ્ટ્રેલિયા સામે ૧૫૮ બોલમાં ૨૦૯ રન કર્યા હતા જેમાં ૧૨ ચોગ્ગા અને ૧૬ છગ્ગા હતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રશિયન પ્રમુખ સાથે ચર્ચા

ન પઈ તાવ,તા. ૧૩

આગામી મહિનાની વાર્ષિક ભારત-રશિયા શિકર બેઠક યોજાય તે પહેલા વડાપ્રદાન નરેન્દ્ર મોદી આજે અનેક પ્રકારની અટકળો વચ્ચે રશિયન વડાપ્રધાન દેમિત્રી મેદવેદેવને મળ્યા હતા. તેમની વચ્ચે ટુંકી ચર્ચા કરવામાં આવી હતી. મેદવેદેવે કહ્યું હતું કે ભારત તેમના માટે નજીકના અને સૌથી જરૂરી ભાગીદાર દેશ તરીકે છે. મ્યાનમાર, ઓસ્ટ્રેલિયા અને ફિઝીના ત્રણ દેશોના ૧૦ દિવસના પ્રવાસના ત્રીજા દિવસે મોદીએ આજે રસિયન વડાપ્રધાન સાથે બેઠક યોજી હતી. ભારત અને એશિયન તેમજ ઈસ્ટ એશિયા સમિટના ભાગરૂપે મોદી પહોંચ્યા છે. મલેશિયામાં મોદી જદા જુદા કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે. મલેશિયાના વિકાસ મોડલને પણ તેઓ ઉત્સુકતાથી નિહાળી ચુક્યા છે.મોદીએ રશિયન વડાપ્રદાન સાથેની વાતચીતમાં કહ્યું હતું કે બન્ને દેશો તેમના વચ્ચેના સંબંધોને વદુ મજબુત કરવા માટે ઉત્સુક છે. મોદીએ તેમની વર્ષ ૨૦૦૧ની રશિયાની યાત્રાની યાદ અપાવી હતી. મોદી ગઈકાલે મોડી રાત્રે અમેરિકી પ્રમુખ બરાક ઓબામાને પણ મળ્યા હતા. ટુંકી વાતચીત થઈ હતી. મોદીને ઓબામાએ મેન ઓફ એક્શન તરીકે ગણાવ્યા હતા.

નેપિટોમાં તેમની વચ્ચે ટુંકી વાતચીત થઈ હતી. મ્યાનમારના પાટનગરમાં બન્ને નેતાઓએક ભવ્ય ડિનર દરમિયાન મળ્યા હતા. ઓબામા સાથે મોદીની આ બીજી બેઠક હતી. આ અગાઉ બન્ને વ્હાઈટ હાઉસમાં મળ્યા હતા. આ .ડિનરનુ આયોજન મ્યાનમારના પ્રમુખ થીન સીન દ્વારા કરવામાં આવ્યું હતુ.

ઓરિસ્સા સરકારે સહાય માંગી

હુડહુડ વાવાઝોડું : ૭૭૭ કરોડની સહાયની માંગ

ભુવનેશ્વર,તા. ૧૩

ઓરિસ્સામાં હુડહુડ વાવાઝોડાના એક મહિનાના ગાળા બાદ ઓરિસ્સા સરકારે ૭૭૭ કરોડની સહાયતાની માંગ કરી છે. નેચરલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ પાસેથી ૭૭૭.૧૨ કરોડ રૂપિયા માંગવામાં આવ્યા છે. મુખ્યમંત્રી નવીન પટનાયકે પાંચમી નવેમ્બરના દિવસે કેન્દ્રીય નાણાં પ્રધાન અરુણ જેટલી સાથે વાત કરી હતી અને હુડહુડ વાવાઝોડાના કારણે થયેલા નુકશાન બદલ વચગાળાની સહાયતા પૈકી ૫૦૦ કરોડ રૂપિયા માંગ્યા હતા. કેન્દ્ર સરકારને રાજ્ય સરકારે મેમોરેન્ડમ સુપ્રત કર્યું છે કે કેમ તે અંગે પુછવામાં આવતા મુખ્ય રાહત કમિશનર મોહાપાત્રાએ કહ્યું હતું કે, સત્તાવાર વેબસાઈટમાં તમામ માહિતી આપવામાં આવી છે.

વાવાઝોડાના કારણે ત્રણ લોકોના મોત થયા હતા અને ૪૪૪૧૩ મકાનોને નુકશાન થયું હતું. આશરે ૪૦૪૮૪ હેક્ટર ભુમિમાં પાકને નુકશાન થયું હતું. એસઆરસી ઓફિસમાં જણાવવામાં આવ્યું છે કે, રાહતની માંગ કરવામાં આવ્યા બાદ હવે સહાય મળે તેનો ઈન્તજાર છે.

ઉમેદવારો પસંદ કરવાની એએપીની હવે નવી નિતી

નવી દિલ્હી,તા. ૧૩

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી માટેની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે આમ આદમી પાર્ટી તેની ગુમાવેલી પ્રતિષ્ઠાને ફરી હાંસલ કરવા માટે તૈયાર છે. આ દિશામાં આગળ વધીને એએપીએ હવે ઉમેદવારો પસંદ કરવા માટે નવી વ્યુહરચના અપનાવી છે. લોકસભાની ચૂંટણી દરમિયાન પોતાના કાર્યકરોની અવગણના કરવાના આરોપ અને કેટલીક જગ્યાએ કાર્યકરો દ્વારા ખુલ્લા રીતે બળવાના કારણે એએપીનો સંપૂર્ણ સફાયો થયો હતો. પરંતુ હવે દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં તે સાવધાનીપૂર્વક આગળ વધવા માંગે છે. આ વખતે એએપી દ્વારા ઉમેદવારોની પસંદગી કરવાની નિતીમાં કેટલાક ફેંરફાર કર્યા છે. આ વખતે પાર્ટીએ કાર્યકરોની બેટક બોલાવીને તેમને ઉમેદવારોના નામ સુચિત કરવા માટે કહેવામાં આવશે અને કાર્યકરો દ્વારા જે નામ સુચવવામાં આવશે તેમાંથી જ કોઈની પસંદગી કરવામાં આવનાર છે. આ પ્રક્રિયા માત્ર એવી બેઠકો માટે અપનાવવામાં આવસે જ્યાં પાર્ટી પોતાના ઉમેદવારોને બદલવાની યોજના ધરાવે છે. પાર્ટી આશરે ૫૦ ટકા સીટ પર આ વખતે નવા ઉમેદવારોને મેદાનમા ઉતારવા માટેની યોજના ધરાવે છે.

આ બેઠકો પર ઉમેદવારો અંગે અંતિમ નિર્ણય પાર્ટીની સંસદીય કાર્ય સમિતી અને દિલ્હી ઈલેક્સન કેમ્પેન સમિતી દ્વારા કરવામાં આવનાર છે. જેટલા પર નામનુ સુચન કરવામાં આવશે તેમને ઉમેદવારો માટે ફોર્મ ભરવા માટે કહેવામાં આવશે. તેના માધ્યમથી ઉમેદવાર પૂર્ણ બેક ગ્રાઉન્ડ બતાવશે. પાર્ટી પોતાના સ્તર પર પણ ઉમેદવાર કેટલા લોકપ્રિય છે તે બાબત પર ધ્યાન આપશે.

મુંબઈના સાંતાક્રુઝ એરપોર્ટ પર બાલદિન નિમિત્તે યોજાયેલ એક કાર્યક્રમમાં ભારતના દંતકથા સમાન ક્રિકેટર સચિન તેંડુલકર માનસિક રીતે ક્ષતિગ્રસ્ત બાળકોને મળ્યાં હતાં.

ભાજપની મેમ્બરશીપ ઝુંબેશને જોરદાર પ્રતિસાદ

દુનિયાની સૌથી મોટી પાર્ટી બનવા માટે ભાજપ તૈયાર

નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની હાજરીમાં ભાજપની સ્થિતી દેશભરમાં વધુને વધુ મજબુત બની રહી છે. તેની લોકપ્રિયતા સામાન્ય લોકોમાં સતત વધી રહી છે. ભાજપની સભ્ય નોંધણી ઝુંબેશના શરૂઆતી આંકડા પરથી આ બાબત સાબિત થાય છે. ભાજપની મેમ્બરશીપ ઝુંબેશને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. કારણ કે પક્ષ પ્રમુખ અમિત શાહ દ્વારા તેની શરૂઆત કરવામાં આવ્યાના પ્રથમ બે સપ્તાહની અંદર જ ૫૬ લાખથી વધારે સભ્યો નોંધણી કરીને જોડાઈ ગયા છે. અમિત શાહ ભાજપના રાજકીય પ્રભુત્વને વધારી દેવાની યોજના ધરાવે છે. દેશભરમાંથી જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. મેમ્બરશીપ ઝુંબેશ માટેના સહ કન્વીનર અને પાર્ટીના નેશનલ સેક્રેટરી અરૂણ સિંહે માહિતી આપતા કહ્યું છે કે નોંધણીનો આંકડો ૬૦ લાખની નજીક પહોંચી ગ.યો છે. પક્ષ જે ગતિથી આંકડો વધી રહ્યો છે તેને લઈને ભારે ખુશ છે. પક્ષના વરિષ્ઠ નેતાઓ માની રહ્યા છે કે આગામી દિવસોમાં તેની સ્થિતી વધારે મજબુત બની શકે છે. વિશ્વની સૌથી મોટી પાર્ટી ભાજપને બનાવી દેવાની તૈયારી છે. પક્ષના સુત્રોએએ કહ્યું છે કે અમિત શાહ અને પક્ષના વરિષ્ઠ નેતાઓ તમામ પ્રયાસ કરી રહ્યા છે. અમિત શાહ પક્ષના કાર્યકરોને કહી ચુક્યા છે કે આંકડો ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાને પાર કરે તે જરૂરી છે. સીપીસીના સભ્યોની સંખ્યા ૮.૩ કરોડની આસપાસ છે. પીપલ્સ લિબરેશન આર્મી અને બ્યુરોક્રેસીના તમામ સભ્યો તેમાં નોંધણી કરાવી ચુક્યા છે. ભાજપ હાલમાં ૩.૫ કરોડ સભ્યો ધરાવે છે. તે દેશની સૌથી મોટી પાર્ટી બની ચુકી છે. જો કે પાર્ટીના સુત્રોએ કહ્યું છે કે આ આંકડા ભાજપની વાસ્તવિક સ્થિતીને મજબુત કરવાની બાબત દર્શાવતા નથી. સક્રિય સભ્યો સાથે પણ નિયમિત રીતે સંપર્ક થઈ શકતો નથી. અનેક લોકો પાસે ઓળખ પત્ર નથી. પક્ષના વરિષ્ઠ સભ્યે આ મુજબની વાત કરતા કહ્યું હતું કે ભાજપની યોજના જોરદાર છે પરંતુ હજુ સમય લાગી શકે છે. વર્ષ ૨૦૦૪માં ભાજરતના ૨૦ મોટા રાજયોમાં નવમાં કોંગ્રેસના મુખ્યપ્રધાનો હતા. પરંતુ એક દશક બાદ તેના મુખ્યપ્રધાનો ઘટી રહ્યા છે. હવે માત્ર પાંચ રાજ્યોમાં તેના મુખ્યપ્રધાનો રહ્યા છે. ભાજપ શાસિત રાજ્યોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. હાલમાં મહારાષ્ટ્ર અને હરિયાણામાં પણ ઉમેરાયઈ ગયા છે. દિલ્હીમાં ભાજપ ૧૫ લાખ નવા સભ્યો ઉમેરવા માટે તૈયાર છે.

માંછીલ બનાવટી એન્કાઉન્ટર બાદ

ખીણમાં હિંસામાં ૧૧૦ લોકોના મોત થયા હતા

નવી દિલ્હી, તા. ૧૩

માંછીલ બનાવટી એન્કાઉન્ટર કેસમાં કમાન્ડીંગ ઓફિસર સહિત સાત જવાનોને અપરાધી ઠેરવીને આજીવન કારાવાસની સજા કરવામાં આવ્યા બાદ આને લઈને સેનામાં સોપો પડી ગયો છે. પરંતુ આ બનાવના કારણે દેશભરમાં ખળભળાટ મચી ગયો હતો. આ શુટઆઉટના બનાવ બાદ કાશ્મીર ખીણમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. સુરક્ષાદળો સાથે અથડામણ અને દેખાવના લીધે કાશ્મીર ખીણમાં વર્ષ ૨૦૧૦માં ૧૧૦ લોકોના મોત થયા હતા. પોલીસે આ શુટઆઉટ કેસમાં કેસ દાખલ કરીને ત્રણ નાગરીકોને મોતને ઘાટ ઉતારી દેવા બદલ ૧૧ જવાનો સામે આરોપો મુક્યા હતા. આ કેસ મામલામાં સેનાએ અપરાધી ઠેરવ્યા બાદ હવે ભારે ચર્ચા છે. ૨૦૧૦માં ત્રણ લોકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આ ત્રણેય યુવાનો ૨૭મી એપ્રિલના દિવસે લાપતા થઈ ગયા હતા. લાપતા થયા બાદ તેમના મૃતદેહ હાથ લાગ્યા હતા.

પ્રસંગસર (પાના નં. ૪ નું ચાલુ)

ગંગા-જમના નદીઓ પ્રત્યેના સ્નેહભાવથી ખેંચાયેલા નહેરુ પોતાના અસ્થિ ગંગામાં પધારવવા ઈચ્છે છે પરંતુ તેમાં ધર્મભાવનાને વચ્ચે લાવતા નથી. વસિયતનામામાં એ ભારતના સર્વ પ્રજાજનોને પણ વૈજ્ઞાનિક મિજાજ કેળવવા વિનવે છે અને લખે છે : 'મેં ભૂતકાળની ઘણી પરંપરા, રૂઢિ અને રીતરિવાજોનો ત્યાગ કર્યો છે, અને ભારતના લોકોની જકડતી અને બંધનમાં રાખતી તેમજ તેમને વિભક્ત કરતી, બહુસંખ્ય લોકોનું દમન કરતી તથા તેમના દેહ અને આત્માના મુક્ત વિકાસને રૂંધતી તમામ શૃંખલાઓને ભારત ફગાવી દે એમ હું ઈચ્છું છું.'

નહેરુના પુરોગામી વડાપ્રધાનો કે ખુદ તેમના દીકરા-દોહિત્ર પણ નહેરુનો આ વિજ્ઞાન વારસો જાળવી શક્યા નથી. રાજકારણમાં ધર્મનો પેસારો જ ન થતાં હવે ધર્મ રાજકારણ પર હાવી થઈ ગયો છે. વૈજ્ઞાનિક દૃષ્ટિ અને સમાજ સુધારાનો નહેરુ વારસો આપણા રાજકારણનો હિસ્સો બની શક્યો નથી ત્યારે વસિયતનામાથી માંડીને વિજ્ઞાનના વિકાસ માટે અનેક પ્રયત્નો કરનાર નેહરુ જેવા વડાપ્રધાનનો સવિશેષ સાંભરે છે...

● નહેરુના નામ પર નસ્તર?

સોનિયા ગાંધીના ત્યાગના તેજોવલય કે ઈન્દિરા ગાંધીના એકાધિકારવાદ કે રાજીવ ગાંધીની છોકરમતથી નહેરુના નામ પર નસ્તર ન મૂકી શકાય એટલું મોટું એમનું પ્રદાન છે. ભારતને તેમણે માત્ર અન્ય લોકશાહી દેશોની હરોળમાં જ ન મૂક્યો પણ મહાન રાષ્ટ્ર બનાવ્યો. આજે અમેરિકા જેવી મહાસત્તાને પણ ભારતનું મહત્વ સમજાયું છે. તેમાં નહેરુનું કામ અને નામ બંને રહેલાં છે. નવા નવા સ્વતંત્ર થયેલા અનેક, રાષ્ટ્રો ભારતના પાડોશી રાષ્ટ્રો પણ પોતાની આ સ્વતંત્રતા ગુમાવી બેઠા ત્યારે ભારતમાં માત્ર લોકશાહી જ ન ટકી તે એક અને અખંડ રહી શક્યો અને તે પણ અનેક પ્રકારની સાંસ્કૃતિક વિવિધતાઓ વચ્ચે.

નહેરુએ પોતાના સ્વપ્નનું ભારત કલ્પના કરેલું : 'મને ભારતની પ્રજામાં શક્તિનો અખૂટ ભંડાર ભરેલો જણાયો છે, આ શક્તિ અવરોધાયેલી છે તેથી મારે તેને મુક્ત કરવી છે. લોકોને ફરી યુવા અને જોમવંતા બનાવવા છે. જે રીતે ભારતની રચના થઈ તે જોતાં જગતમાં તે ગૌણ કે બીજા દરજ્જાનું સ્થાન લઈ શકે નહીં, કાં તો તેની અવગણના થશે કાં તો તેની મહાનમાં ગણના થશે. આ વિકલ્પો વચ્ચેનું બીજું કોઈ સ્થાન મને સ્વીકાર્યા નથી.'

નહેરુએ કલ્પેલા ભારતનું સ્વપ્ન સાકાર થયા અને માત્ર ભારત એક મહાન રાષ્ટ્ર ન બની રહેતાં તેમાં શ્વસતા કરોડો કરનારી વાસ્તવમાં સ્વસ્થ સુખી-સમૃદ્ધ બને તો જ ગાંધી નહેરુનું કલ્પેલું સ્વરાજ સિદ્ધ થયું ગણાશે.

મમતા કુલકર્ણીની કેન્યામાં અટકાયત કરાતા ચકચાર

મુંબઈ,તા. ૧૩

વિતેલા વર્ષોની લોકપ્રિય અભિનેત્રી મમતા કુલકર્ણીની ડ્રગ એન્ફોર્સમેન્ટ એજન્સી અને મોમ્બાસા પોલીસ વચ્ચેના સંયુક્ત ઓપરેશનમાં ધરપકડ કરવામાં આવતા સનસનાટી મચી ગઈ છે. મમતા કુલકર્ણીની તેના પતિની સાથે અટકાયત કરવામાં આવી છે. ૯૦ના દશકમાં બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી રહી ચુકેલી મમતા કુલકર્ણી ૧ દશક અગાઉ એકાએક લાપતા થઈ જતાં ચર્ચામાં આવી હતી. મમતા કુલકર્ણી છેલ્લે

૨૦૦૧માં રજુ થયેલી દેવાનંદની ફિલ્મ સેન્સરમાં રજુ થઈ હતી. અહેવાલમાં જણાવાયું છે કે, ૪૦ વર્ષની વયે પહોંચેલી મમતા કુલકર્ણી ઈસ્લામ ધર્મ સ્વીકારી ચુકી છે અને નૈરોબીમાં સ્થાયી થઈ છે. થોડાક સમય સુધી દુબઈમાં લાઈફ ગાળ્યા બાદ તે નૈરોબીમાં સિફ્ટ થઈ હતી. મમતા કુલકર્ણી દુબઈમાં હોટલ બિઝનેસ અને અગ્રણી રિયલ એસ્ટેટનો કારોબાર સંભાળી રહી હતી.

મમતા કુલકર્ણી હવે પોતાના વાળના રંગ બદલી ચુકી છે અને ઓળખાય તેમ દેખાતી નથી. દુબઈ સ્થિત અખબારે દુબઈની જેલમાં તેના ફોટા પાડ્યા હતા. મમતા અંગે અગાઉ અહેવાલમાં જણાવાયું હતું કે, તે તેના બોયફ્રેન્ડ અને ઈન્ટરનેશનલ ડ્રગ માફિયા વિકી ગોસ્વામી સાથે દુબઈમાં સિફ્ટ થઈ હતી. ૱૯૯૭માં વિકીની માદક દ્રવ્યોની હેરફેર બદલ ધરપકડ કરાઈ હતી. મેનડ્રેગ્સનો જંગી જથ્થો રાખવા બદલ તેને સજા કરાઈ હતી. દુબઈના કાયદા મુજબ ૨૫ વર્ષની જેલની સજા થઈ હતી. ત્યારબાદ મમતા અંગે કોઈ માહિતી મળી ન હતી.

રિટેલ કિંમતો યથાવત રહેતા લોકો પર બોજ નહીં વધે

પેટ્રોલ અને ડીઝલ પર એક્સાઇઝ ડ્યુટીમાં ૧.૫૦ રૂપિયાનો વધારો

નવીદિલ્હી,તા. ૧૩

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં એક્સાઈઝ ડ્યુટીમાં લીટરદીઠ ૧.૫૦નો વધારો કરવામાં આવ્યો છે પરંતુ આના કારણે રિટેલ કિંમતો ઉપર કોઈ અસર થશે નહીં. રિટેલ કિંમતો વધશે નહીં.

સરકારે આજે એક્સાઈડ ડ્યુટીમાં વધારો ઝીંકી દીધો હતો જેના પરિણામ સ્વરુપે સરકારને વાર્ષિક આવકમાં ૧૩૦૦૦ કરોડનો વધારો થશે. અંદાજપત્રીય ખાદને કાબૂમાં લેવામાં મદદરુપ બનશે. પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં લીટરદીઠ ૧.૫૦ સુધીનો વધારો કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોપર તેની અસર થશે નહીં. કારણ કે ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. એક્સાઈઝ ડ્યુટીમાં કરવામાંઆવેલોવધારોગ્રાહકોના માથે નાંખવામાંઆવશે નહીં. આ સપ્તાહના અંતમાં થનાર સંભવિત ઘટાડામાં સરભર કરી લેવાની હિલચાલ દેખાઈ રહી છે. દેશની સૌથી મોટી ઓઈલ માર્કેટિંગ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પના અધિકારીઓએ આ મુજબની માહિતી આપી હતી. હવે સંભવિત ઘટાડો દેખાઈ રહ્યો નથી. ઓગસ્ટ મહિના બાદથી પેટ્રોલની કિંમતમાં છ વખત ઘટાડોકરવામાંઆવ્યોછેજ્યારેછેલ્લા એક મહિનામાં ડીઝલની કિંમતમાં બે વખત ઘટાડોકરવામાંઆવ્યોછે. નોર્મલ અને અનબ્રાન્ડેડ પેટ્રોલ પર એક્સાઈઝ ડ્યુટી લીટરદીઠ ૧.૨૦ વધારીને ૨.૭૦ રૂપિયા કરવામાંઆવીછેજ્યારે અનબ્રાન્ડેડ ડીઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટી લીટરદીઠ ૧.૪૬થી વધારીને ૨.૯૬ કરવામાં આવી છે. સરકારના જાહેરનામામાં આ મુજબની વાત કરવામાં આવી છે. આવી જ રીતે બ્રાન્ડેડ પેટ્રોલ ઉપર એક્સાઈઝ ડ્યુટી લીટરદીઠ ૨.૩૫થી વધારીને ૩.૮૫ કરી દેવામાં આવી છે જ્યારે બ્રાન્ડેડ ડીઝલ ઉપર એક્સાઈઝ ડ્યુટી ૩.૭૫થી વધારીને ૫.૨૫ કરી દેવામાં આવી છે. એક્સાઈઝ ડ્યુટીમાં વધારો પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં તાત્કાલિક રહેશે પરંતુ આ વધારાથી છુટક કિંમતો પર કોઈ અસર થશે નહીં.

સમાચાર ઝલક

- રાજ્યમાં નીલગાયને ઠાર મારવાની સત્તા સરપંચોને સોંપાઈ.
- પ્રધાનશ્રી ઈચ્છે તેને અંગત મદદનીશ બનાવી શકે છે - દિલ્હી હાઈકોર્ટ.
- ઓનલાઈન ખરીદીમાં પણ હવે ગ્રાહક સુરક્ષાનો કાયદો લાગુ પડશે.
- ભાવનગરમાં આધારપત્રોની પોસ્ટો કચરામાંથી મળી આવ્યા : હજારો આધારકાર્ડ હતા.
- મોડાસા તાલુકામાં રાજલી ગામે ૧૧૫ વર્ષના દાદીમાને નવા દાંત ફુટયા.
- બોક્સર સરિતા દેવીની માફી ના મંજુર કરી. આખરે સજા થશે.
- રેશનકાર્ડની મુશ્કેલીઓ માટે પુરવઠા પ્રધાન શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા લાલઘુમ.
- વારંવાર જમવાથી ચરબીના પ્રમાણમાં વધારો થાય છે - સંશોધકોનું તારણ.
- ચીનમાં ઈસ્લામ ધર્મનો પ્રચાર કરનાર ૨૨ ઈમામોને ૧૬ વર્ષની સજા ફટકારી.
- રવિવાર સુધી ગુજરાતમાં વાદળો છવાશે તથા માવઠાની સંભાવના.
- ઈતિહાસમાં સૌથી કિંમતી છુટાછેડા. અમેરિકાના ઓઈલ ઉદ્યોગપતિથી છુટાછેડા બદલ રૂ. ૬૧૫૪ કરોડ મળ્યા.
- રાજકોટમાં સ્કુલબસની અડફેટે બે ઈજનેર વિદ્યાર્થીનાં મોત.
- ફેબ્રુઆરીમાં વર્લ્ડકપની ક્રિકેટ મેચ જોવા ૨૦ હજાર ભારતીયો ઓસ્ટ્રેલિયા જશે.